અપીલ અરજી નં.૨૨૪ તા.૪–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## *હુકમઃ–*

***વિષય :***–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૩–૧૦–૦૮ની અરજીથી આઈ ડી.નં.૪૭૨માં જણાવ્યા મુજબ જરી ગીલીટના ચાલતાં બાકડામાં કેમીકલ્સ વપરાશ કરતાં હોવાથી બાકડા પર કામ કરનાર કારીગરોને આરોગ્યને હાનિ થાય છે તેવું જણાવવામાં આવેલ છે જયારે આ જરી ગીલીટના બાંકડાની જે ફયુમ બહાર આવવાથી ત્યાંના એટલા વિસ્તારના માણસોના આરોગ્યને નુકશાન થાય તે અંગેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૪–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૪/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૩–૧૦–૦૮ની અરજીથી આઈ ડી.નં.૪૭૨માં જણાવ્યા મુજબ જરી ગીલીટના ચાલતાં બાકડામાં કેમીકલ્સ વપરાશ કરતાં હોવાથી બાકડા પર કામ કરનાર કારીગરોને આરોગ્યને હાનિ થાય છે તેવું જણાવવામાં આવેલ છે જયારે આ જરી ગીલીટના બાકડાની જે ફયુમ બહાર આવવાથી ત્યાંના એટલા વિસ્તારના માણસોના આરોગ્યને નુકશાન થાય તે અંગેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૧ તા.૨૩–૧૦–૦૮ થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપવામાં આવેલ નથી તથા ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૭ તા.૭–૧૧–૦૮થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ . જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૭૨ તા.૧૮–૧૧–૦૮થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૩–૧૦–૦૮ ની અરજીમાં જરી ગીલીટના બાકડાના કેમીકલ વપરાશ કરતાં હોવાથી બાકડાની જે ફયુમ બહાર આવે છે તે હાનિકારક છે કે કેમ? તેની માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૧ તા.૨૩–૧૦–૦૮ થી અપાયેલી માહિતીમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સુરત/ટી–૬ (આર) સ્થળ તપાસ બાદ તા.૧૧–૧–૦૮ ના અભિપ્રાયની નકલ અરજદારને પૂરી પડાયેલ છે. જેમાં કોઈ વાસ અનુભવાયેલ નહીં તેવું જણાવેલ તેનાથી નારાજ થઈ અપીલ અરજીમાં અમારી માહિતી આરોગ્યને લગતી હોઈ જેમાં પોલ્યુશન બોર્ડને કંઈ લેવા દેવા નથી તેમજ તેમનો રીપોર્ટ ફકત એક જ નાગરિકના પૂછવાથી કરેલ રીપોર્ટ માન્ય નથી તેવી રજૂઆત કરેલ છે. જીપીસીબીના રીપોર્ટની નકલમાં તેમને આસપાસના અન્ય રહીશોના અભિપ્રાય લેતાં " તેવો ઉલ્લેખ કરેલ છે તથા તેમાં વાસ અનુભવાયેલ નહીં હોવાનું જણાવેલ છે."

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને વાસ અંગેની માહિતી આપેલ છે પરંતુ મુળ અરજીમાં બાકડાની જે ફયુમ બહાર આવે છે તેનાથી આરોગ્યને હાનિકારક છે કે કેમ? તેની માહિતી પૂરી પડાયેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જરી ગીલીટના ચાલતા બાકડાનો જે ફયુમ બહાર આવે છે તેનાથી એટલા વિસ્તારના માણસોના આરોગ્યને નુકશાન થઈ શકે તે અંગે અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ તેવું જણાતું નથી. જેથી અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,